## જુલાઈ-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

નમસ્તે મિત્રો,

પ્રતિમાસ પરિષદના ઉપક્રમે વિકાસમંત્રી દ્વારા યોજાતા ‘વાર્તા રે વાર્તા’ કાર્યક્રમ અંતર્ગત તા.13 જૂન 2021ના રોજ યોજાએલા કાર્યક્રમમાં પ્રો. વિજય શાસ્ત્રી અને શ્રીમતી લતા હીરાણીની વાર્તાઓનું પઠન શ્રીમતી યામિની વ્યાસ અને શ્રી નરેશ કાપડિયાએ કર્યું. વાર્તાઓના મનનીય પઠન પછી બન્ને વાર્તાકારોએ પોતાની કેફિયત રજૂ કરી. વાર્તાકારોએ તેમની વાર્તાઓના ઉત્પત્તિસ્થાન અને એનું વાર્તામાં થયેલું ગઠન નિદર્શન સાથે સમજાવ્યું.

ઘણા વાર્તારસિકમિત્રોએ કેફિયત પછી યોજાતી ચર્ચામાં ભાગ લઈ કાર્યક્રમને જીવંત બનાવ્યો. કાર્યક્રમમાં નરેશ કાપડિયાનું સંચાલન કાર્યક્રમને રસપ્રદ બનાવે છે એનો આનંદ છે.

પ્રસારમંત્રીએ વિવિધ વ્યાખ્યાનોનું આયોજન કરવાનું કામ આરંભ્યું છે. તે અંતર્ગત તા.26-6-21ના રોજ સાંજે 6 કલાકે ‘ચંદ્રકાંત શેઠ બાળ સાહિત્ય વ્યાખ્યાનમાળા’ના ઉપક્રમે કિરીટ ગોસ્વામીએ ‘બાળસાહિત્યની સાત વાતો’ વિશે વ્યાખ્યાન આપ્યું.

મિત્રો, પરિષદની આજીવનસભ્ય સુધારણાયાદી અંતર્ગત હજુ માત્ર 670 ફોર્મ મળ્યા છે. સૌ સભ્યોના સહકારની અપેક્ષા છે. ભરેલું ફોર્મ વૉટ્સએપ પર મોકલવાની વ્યવસ્થા પણ પરિષદે કરી છે. આપ સૌ એનો લાભ લઈ આપના ફોર્મ સત્વરે મોકલી આપશો.

ગુજરાતી સાહિત્ય પરિષદનું નવું ઈ-મેઈલ આઈડી

gspamd123@gmail.com

**‘પરબ’ માટે ઈ-મેઇલ આઈડી**

‘પરબ’ માટે કૃતિઓ ઈ-મેઈલ દ્વારા મોકલી શકાશે. ‘પરબ’નું ઈ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com

વૉટ્સએપ નંબર : 9773222425, 9537671073